R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 21•ISSUE: 39 DATE: 30-09-2017•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## નોટબંધી મોદી સરકારનું બીન જરુરી સાહસ હતું,વિશ્વમાં નોટબંધી ક્યાંય સફળ થઇ નથી : મનમોહનસિંહ



૮૬ ટકા ચલણ સિસ્ટમમાંથી પાછું ખેંચાઇ જાય તો અર્થતંત્રનું પતન નિશ્ચિત બને છે તેવું પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહ જણાવ્યુ હતું.પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહ પ્રખર અર્થશાસ્ત્રી તરીકે નોટબંધીના મોદી સરકારના નિર્ણયની ટીકા કરતાં જણાવ્યુ હતું કે આ બીન જરુરી સાહસ હતુ. લેટીન અમેરિકા અને આફ્રિકાના કેટલાક દેશો સિવાય વિશ્વના કોઈપણ દેશમાં નોટબંધી સફળ રહી નથી.

મનમોહનસિંહે કહ્યુ હતું કે મને નથી લાગતું કે નોટબંધીનુ સાહસ ટેકનિકલ અને આર્થિક રીતે જરુરી હતુ. જો દેશનું ૮૬ ટકા ચલણ સિસ્ટમાંથી પાછું ખેચાંઇ જાય તો અર્થતંત્રનું પતન નિશ્ચિત બને છે.જીએસટી લાગુ કરવામાં રહેલી ખામીઓ અને નોટબંધીને કારણે દેશના અર્થતંત્રમાં મંદી છવાઇ ગઇ છે.

ભારતે ગ્લોબલાઈઝેશન અને લીબ્રલાઈઝેશન જેવી આર્થિક નીતિઓ અપનાવ્યાના ૨૫ વર્ષમાં દેશનો ઘણો વિકાસ થયો છે. આ સાબિત કરે છે કે ગ્લોબલાઈઝેશન અને લિબ્રલાઈઝેસનના ટીકાકારો ખોટા પડ્યા છે.તે સમયે ઘણા લોકને અમારી સરકારની આ નીતિઓ અંગે ખોટી ધારણાઓ હતી.પરંતુ અમે તેમને ખોટા સાબિત કર્યા છે.મુંગા વડાપ્રધાન હવે બોલી રહ્યા છે ત્યારે તેમની વાતના તથ્યો જોવા જોઈએ

## મધ્યપ્રદેશમાં શિક્ષણમંત્રીએ મદરેસાને દરરોજ રાષ્ટ્રગાન ગાવા માટે અપીલ કરી

મધ્ય પ્રદેશમાં મદરેસામાં રાષ્ટ્રગાન અને ત્રિરંગો લહેરાવવાનો વિવાદ હજી નામ નથી લેતો ત્યા ઉત્તર પ્રદેશબાદ મધ્યપ્રદેશના શિક્ષણ મંત્રીએ મદરેસામાં રોજ ત્રિરંગો લહેરાવીને રાષ્ટ્રગાન ગાવું જોઈએ તેવી સલાહ આપી છે.મધ્ય પ્રદેશના શાળા-શિક્ષણ પ્રધાન વિજય શાહે તમામ મદરેસાને રોજ ત્રિરંગો લહેરાવીને બાળકોને દેશને પ્રેમ કરતાં શીખવવા અપીલ કરી છે. તેમણે કહ્યુ હતું કે મદરેસામાં બાળકોને રોજ રાષ્ટ્રગીત ગાન કરના પ્રેરવામાં આવે. તેમણે વધુમાં કહ્યુ હતું કે આમ કરવામાં કોઈને વાંધો ના હોઈ શખે. મધ્યપ્રદેશના શાળા-શિશ્રણ પ્રધાને મદરેસા બાળકોને મદરેસા બોર્ડના ૨૦માં સ્થાપના દિને ભોપાલમાં આ જણાવ્યુ હતું.મુખ્ય પ્રધાને પણ બાળકોને દેશભક્તિના પાઠ ભણાવવા પ ર ભાર મુક્યો હતો.તેમણે કહયુ કે આપણે સમાન ભોજન અને પાણી આરોગીયે છીએ અને લોહી પણ સમાન રીતે લાલ છે.

ઉત્તર પ્રદેશમાં પણ શિક્ષણ બોર્ડે ૧૫મી ઓગષ્ટના રોજ કાર્યક્રમમાં ત્રિરંગો લહેરાવીને રાષ્ટ્રગાન ગાવાનો આદેશ આપ્યો હતો. કાર્યક્રમનો વીડીયો બનાવીને મોકલવાનું પણ કહેવામાં આવ્યુ હતું. અંદાજે ૧૫૦ જેટલી મદરેસાઓ જાહેરાત કરી હતી કે તે સરકારના આદેશ વિરુધ્ધ તેઓ ૧૫મી ઓગષ્ટના રોજ રાષ્ટ્રગાન નહીં ગાય અને વીડીયોગ્રાફી નહીં કરે. જમાતના મહામંત્રી મૌલાના શાહબુદ્દીન રીઝવીએ કહ્યુ હતું કે ઉજવણી ત્રીરંગો લહેરાવીને ધામધુમપુર્વક કરવામાં આવશે પરંતુ રાષ્ટ્રગાન ગાવા કે સમારંભની વીડીયોગ્રાફી જેવા કામ નહી થાય.રાષ્ટ્રગાનમાં જે ગીત રચના છે તે ૧૯૧૧માં અંગ્રેજોના માનમાં થયેલી ગીત રચના છે.તેથી શરિયત મુજબ તેનું ગાન ઉચિત નથી.

## દલિત લેખક કાંચા ઈલૈયા પર ભાવનાઓ ભડકાવવાના આરોપસર ધાર્મિક કટ્ટરતાવાદીઓનો હુમલો

આંધ્ર પ્રદેશ અને તેલંગાણામાં પોતાના નવા પુસ્તક સામાજિકા સ્મગલેલું કોમ્માટોલું અંગે ભારે વિરોધ પ્રદર્શનો કરવામાં ıવ્યા હતા.પુસ્તકના લેખક કાંચા ઈલૈયા પર વૈશ્ય સમુદાય દ્વારા કથિત હુમલો કરાયો છે.અને તેમને ચંપલથી માર મારવામાં આવ્યો હતો.વારાંગલ જિલ્લામાં વૈશ્ય સમુદાય દ્વારા તેમના પર ચંપલ ફેકવાની ઘટના બની હતી.તેમના પુસ્તકમાં જાતિલક્ષી ભાવનાઓ ભડકાવવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.તેઓ એક કાર્યક્રમ માટે વારાંગલ ગયા ત્યારે કેટલાક પ્રદર્શનકારીઓએ તેમના પર હુમલો કર્યો હતો.હુમલાથી બચવા માાટે તેમને પોલીસ સ્ટેશનમાં લઈ જવાયા હતા. પોતાના પુસ્તકમાં હિન્દુ ધર્મ વિરુધ્ધ વાંધાજનક લખાણ લખવાના કારણે તેમનો વિરોધ કરાઈ રહ્યો છે. અને સઈદાબાદ પોલીસ સ્ટેશનમાં તેમના વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

ફરિયાદી કરુણા સાગરે કહ્યુ હતું કે કાંચાએ હિન્દુ ધર્મ અને દેવી દેવતાઓ વિરુધ્ધ વાંધાજનક લખાણ લખ્યું હતું. તેમણે તેમના પુસ્તકમાં લખ્યું છે કે મહાત્માં ગાંધીની હત્યા કરનાર નાથુરામ ગોડસે પણ એક બ્રાહ્મણ હતા. તેમના આવા લખાણને કારણે બંને સમુદાય વચ્ચે નફરત વધે છે.તેમણે આક્ષેપ કર્યો હતો કે આવું પહેલીવાર નથી થયું અગાઉ તેમના ચાર પુસ્તકમાં હિન્દુઓની લાગણીઓને ઠેસ પહોચે એવું લખાણ લખાયું છે.કાંચા ઈલૈયાના નવા પુસ્તકમાં આર્ય વૈશ્ય સમુદાય માંસ ખાતો હતો અન તેઓ ખેડુત હતા જે પાછળથી શાકાહારી બન્યા તેવું વાંધાજનક લખાણ લખવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરાયો છે.

## કેન્દ્ર સરકારે સર્વે પરથી મેળવેલા રીપોર્ટ મુજબ ધંધાકીય,ધાર્મિક,શૈક્ષણિક,સામાજિક અને ટુરીઝમ ક્ષેત્રે ગુજરાત ૧૭માં ક્રમે ધકેલાયું

ભારતમાં ઘરેલુ પ્રવાસનના નામે કેન્દ્ર સરકારે તાજેતરમાં રીપોર્ટ બહાર પાડ્યો છે જેમાં દેશના ટોપ ટેન ટુરિસ્ટ ડેસ્ટિનેશન સ્ટેટમાં ગુજરાતનો સમાવેશ થતો નથી.કુછ તો દિન ગુજારો ગુજરાતમે પાછળ કરોડો રુપીયાનું આંધણ કરીને પબ્લીસીટી કરનારા ગુજરાત રાજ્ય પહેલા દસમાં ક્રમમાં પણ આવ્યું નથી.જુલાઈ-૨૦૧૪ થી જુન ૨૦૧૫ ના સમયગાળામાં નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશન દ્વારા થયેલા સર્વેક્ષણ આધારે આ રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે.

મહારાષ્ટ્રને નંબર વન ટુરિસ્ટ ડેસ્ટીનેશન સ્ટેટ તરીકે આ રિપોર્ટમાં દર્શાવાયું છે.જ્યારે અન્ય રાજ્યોમાં ઉત્તર પ્રદેશ,તામીલનાડુ,પશ્ચિમ બંગાળ, બિહાર, આંધ્ર પ્રદેશ,અને તેલંગાણા એક રાજ્ય તરીકે, ઓડીશા,રાજસ્થાન,કેરળ અને કર્ણાટક આ યાદીમાં સમાવિષ્ટ થાય છે.એનએસએસના આ રિપોર્ટ પ્રમાણે ૨૦૧૪-૧૫ દરમિયાન રજાઓ ગાળવા,આરામ કરવા, આનંદપ્રમોદ કરવા, આરોગ્ય તથા મેડિકલ સારવાર ચેકઅપ કરાવવા તેમજ ખરીદીના હેતુઓ માટે રાત્રિ રોકાણ ક્યુ હોય તેવા દેશમાં સૌથી વધુ ૧.૫૧ કરોડ પ્રવાસીઓ મહારાષ્ટ્રમાં આવ્યા હતા.જ્યારે ઉત્તર પ્રદેશમાં ૧.૪૩ કરોડ, રાજસ્થાનમાં ૭૩૦૬૩ તથા કેરલમાં ૬૪,૨૩૪ પ્રવાસીઓ આવ્યા હતા.આ રિપોર્ટ મુજબ ઉક્ત ગાળામાં છેલ્લા ૩૦ દિવસ દરમિયાન રાત્રિ રોકાણ કર્યુ હોય તેવા રાજ્યોમાં સૌથી વધુ ૧.૬૦ કરોડ પ્રવાસીઓ ઉત્તર પ્રદેશમાં, આંધ્ર-તેલંગાઆમાં ૧.૩૦ કરોડ,મહારાષ્ટ્રમાં ૧.૦૧ કરોડ,બિહારમાં ૮૩૭૫૩, રાજસ્થાનમાં ૮૧૯૨૪, કર્ણાટકમાં ૭૮૫૨૬ અને મધ્યપ્રદેશમાં ૭૬૫૦૫ પ્રવાસીઓ આવ્યા હતા.આ રિપોર્ટ પ્રમાણે ઉક્ત સમયગાળામાં ગુજરાતમાં ૧૮ ટકા કુટુંબો રજા ગાળવા,આરામ કરવા, આનંદપ્રમોદ કરવા તેમજ મેડીકલ તથા ખરીદીના હેતુઓ માટે રાત્રિરોકાણ કર્યુ હતું.જે પ્રમાણે ૧૯ ટકા રાષ્ટ્રીય સરેરાશથી ૧ ટકો ઓછું હતું. કેરળમાં ૩૨ ટકા, ઓડીશામાં ૨૪ ટકા, મહારાષ્ટ્રમાં ૨૩ ટકા,પંજાબમાં ૨૧ ટકા, રાજસ્થાનમાં ૨૦ ટકા,તામિલનાડુંમાં અને હરિયાણાં ૧૯-૧૯ ટકા કુટુંબોએ પ્રવાસી તરીકે રાત્રિ રોકાણ કર્યુ હતું.ગુજરાતનુ ૧૮ ટકા પ્રમાણે ઝારખંડ અને કર્ણાટક સમકક્ષ હતું.જ્યારે ઉક્ત ગાળામાં છેલ્લા ૩૦ દિવસ દરમિયાન ગુજરાતમાં ૧૬ ટકા કુટુંબોએ ધંધાકીય,સામાજિક,ધાર્મિક,શૈક્ષણિક તથા અન્ય હેતુઓ માટે રાત્રિ રોકાણ કર્યુ હતું.જે ૨૯ ટકા રાષ્ટ્રીય સરેરાશ કરતાં ૫ ટકા ઓછું પ્રમાણ હતું. આ રીપોર્ટ મુજબ દેશના ૧૮ ટોચના પ્રવાસન રાજ્યોની યાદીમાં ગુજરાતનો નંબર છેલ્લેથી બીજા ક્રમે છે.ગુજરાતને નંબર વન ટુરિસ્ટ ડેસ્ટિનેશન રાજ્ય તરીકે પ્રોજેક્ટ કરી રહેલા નીતિ ઘડવૈયાઓ માટે આ રીપોર્ટ પડકારજનક છે.આ રિપોર્ટને લઈને ચર્ચા એવી પણ થઈ રહી છે કે અમિતાભ બચ્ચનને બ્રાન્ડ એમ્બેસેડર બનાવી કુછ દિન તો ગુજારો ગુજારતમે ના સ્લોગન હેઠળ ગુજરાતને ટુરિસ્ટ ડેસ્ટીનેશન તરીકે પ્રોજેક્ટ કરી જોર શોરથી કરાયેલો પ્રચાર ગુજરાતને પ્રવાસીઓ અપાવવામાં નિષ્ફળ નિવડ્યો છે.

આમ બીગ બી ને બ્રાન્ડ એમ્બેસેડર બનાવી ગુજરાતમાં પ્રવાસીઓને આર્કષવાની ધારણા સદંતર ખોટી પડી છે.અને પ્રવાસન ક્ષેત્રે કરેલું કરોડોનું રોકાણ નિષ્ફળ નીવડ્યું છે. એ જ પ્રમાણે મોટા મોટા ઉદ્યોગોને આર્કષવાની માટે કરેલા વાઈબ્રન્ટમાં પણ જોઈએ તેટલો સારો પ્રતિસાદ મળ્યો નથી.વાઈબ્રન્ટમાં મોટા ઉદ્યોગો આવશે તો પ્રવાસન ઉદ્યોગને વધુ પ્રવાસીઓ મળી રહેશે તેવી ધારણાઓ સફળ થઈ નથી.વિકાસ કરવામાં ખાટલે મોટી ખોટ ક્યાં છે તે શોધી કાઢવાની જરુર છે.ગુજરાતમાં અથાગ કુદરતી સંપદા અને સૌથી લાબો દરિયા કિનારો છે.બીચો વિકસાવવામાં આવશે તો પ્રવાસીઓ આર્કષી શકાશે તેવું ગણિત આયોજકોના મગજમાં બેસવું જોઈએ.ગોવામાં સૌથી વધુ પ્રવાસીઓને આર્કષતી બાબતો દરિયા કિનારાના બીચો છે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ડરથી કોઇ વ્યક્તિ અર્થતંત્રની દુર્દશા પર ટીકા કે તેનો વિરોધ કરી શકે તેવી સ્થિતિમાં પુર્વ નાણાં મંત્રી યશવંતસિંહાએ કરેલી હિમતને દાદ દેવી પડે.જેમને અર્થશાસ્ત્રનો અભ્યાસ છે અને તેઓ તે વિષય ઉપર પોતાનું મંતવ્ય આપે તો તેનું વજન પડે. આ પહેલા ભાજપના સુબ્રમણયમ સ્વામી બોલી ગયા છે પરંતુ તેમના મંતવ્યને બહુ વજન મળ્યું નથી.નોટબંધીની અસરો બાબતે સ્ટેટ બેન્ક અને રિઝર્વ બેન્કના મંતવ્યો આવ્યા બાદ કેટલાક સત્તા પાર્ટીના લોકોમાં હિમત વધી અને તેઓ સરકારની ટીકાઓ કરવા લાગ્યા. પરંતુ જેટલી ખુલ્લી રીતે યશવંતસિંહાએ કરી તેટલી બીજા કોઇએ કરી નથી. ખેર,કોંગ્રેસના પુર્ નાણાંમંત્રી પી.ચિદમ્બર અને પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે કરેલી ટીકાઓ પર દેશના અને વિદેશના લોકોનું ધ્યાન ખેચાયું છે પરતં આફતને અવસરમાં પલટી નાંખવાની આવડત ધરાવતી નેતાગીરી માટે આ મોટી વાત નથી.તેઓ જાહેર કાર્યક્રમો અને પબ્લીસીટી,પ્રચારમાં એવી જોરદાર રજુઆત કરે છે જેથી લોકો તેમની વાતમાં અવિશ્વાસ મુકતા અચકાય છે.

## મંતવ્ય

તાજેતરમાં સમાચાર માધ્યમો દ્વારા પ્રસિધ્ધ થયેલા સમાચારો મુજબ પરંપરાના નામે આપણાં દેશમાં કંઇપણ થઇ શકે છે તેવા સમાચારો છપાયા છે. તે મુજબ તામિલનાડુના મદુરાઇ સ્થિત એક મંદિરની આવી જ કેટલીક તસવીરો સામે આવી છે.જે આશ્ચર્ય પમાડે તેવી છે.આ પરંપરાના નામે પસંદ કરાયેલી કિશોરીઓને મંદિરમાં ૧૫ દિવસ સુધી ખુલ્લી છાતીએ રખાય છે.૧૦ થી ૧૪ વર્ષની આ કિશોરીઓને મંદિરના પરિસરમાં જ પુજારીની દેખરેખ હેઠળ રહેવું પડે છે. આ કિશોરીઓને અમ્માન(દેવી જેવું) સ્વરુપ માનવામાં આવે છે.આ કિશોરીઓને માત્ર ધાવાની જેવું( લહેગા જેવું વસ્ત્ર) પહેરાવાય ચે.કમરથી ઉપરના ભાગે કોઇ વસ્ત્ર હોતું નથી. પણ માત્ર ઘરેણાં પહેરાવાય ચે. લગભગ ૬૦ જેટલા ગામના લોકો આ આયોજનમાં એકત્રિત થાય છે એવુ જાણવા મળેલ છે.આ કિશોરીઓને તેમના પરિવારજનો સ્વેચ્છીક રીતે અહીંયા મોકલે છે.દર વર્ષે સાત કિશોરીઓને આ પરંપાર માટે પસંદ કરવામાં આવે છે. આ વાતની જાણ મદુરાઇના કલેકટરને થઇ તો તેમણે આકરુ વલણ અપનાવ્યું છે.

આ જ પ્રમાણે દેવદાસીની પ્રથાએ સુંદર કન્યાઓનો બલી ચઢાવ્યો છે અને તેમને મંદિરમાં રાખી તેમનું યૌનશોષણ કરવામાં આવ્યું અને પાછળથી તેમને કાઢી મુકતાં અનેક દેવદાસીઓએ આખરે વૈશ્યાનો ધંધો અપનાવવો પડ્યો છે.ધર્મના નામે થતાં આવા અને દુષણોમાંથી આપણે ક્યારે બહાર આવીશું. ધર્મના નામે બાબાઓ,ધર્મગુરુઓ દ્વારા જે સમાજ સાથે કલંકિત વ્યવહાર થઇ રહ્યો છે તેમાં સમાજનો પણ દોષ છે તે દોષમુક્ત નથી.ધાર્મિક અંદશ્રધ્ધાના દુષણોમાંથી મુક્ત ક્યારે બનીશું ?

મનોજ કે.ડાભી

ભારતની પ્રથમ બોલતી ફિલ્મ આલમઆરા હતી
ભીના પ્લાસ્ટર પર તૈયાર કરવામાં આવેલા ચિત્રોને ફ્રેસ્કો કહે છે.
બોઇંગ ૭૪૭માં ૬ લાખ જુદા જુદા ભાગોમાં વહેચાયેલુ છે.
સાઉદીમાં એક સ્ત્રીએ પોતાના પતિને દેખતો કરવા પોતાની એક આંખ આપી હતી, પછી પતિને એક આંખવાળી પત્ની ન ગમવાથી તેણે બીજા લગ્ન કર્યા હતા.
લુઇ સોળમા સામે ફ્રાંસમાં ક્રાંતિ થઇ હતી.તે સમયે એક શહીદ ની પુત્રીના ચિત્રના સોથબીન લીલામમાં સાઇઠ લાખ ડોલર ઉપજ્યા હતા.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

## ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

*ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ*

સંપર્ક: એ એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# નોટબંધી અને જીએસટી દેશના અર્થતંત્રને વિપરિત અસર કરશે.જીએસટી લઘુ ઉધોગોની કમર તોડી નાંખશે : પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહ

દેશના પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે આર્થિક બાબતોને લઇને હાલની સરકારની આકરી ટીકા કરી હતી.તેમણે ચેતવણીના સુરમાં જણાવ્યુ હતું કે દેશનો જીડીપી ઝડપથી નીચે જઇ રહ્યો છે. નોટબંધી અને જીએસટીના અમલમાં થયેલી ઉતાવળને કારણે આર્થિક બાબતો ઉપર સખત નકારાત્મક અસર પડી છે.તેને કારણે જ દેશના જીડીપીમાં ઘટાડો થાય તેવી શકયતા છે. તાજેતરમાં એક ખાનગી ચેનલને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યુ હતું કે નોટબંધી અને જીએસટીના અમલથી દેશના અથતંત્ર પર ખરાબ અસરો પડી છે.જીએસટીના મામલે ખુબ જ ઉતાવળ થઇ છે.હવે આપણી સામે ઘણી સમસ્યાઓ આપી રહી છે.

ચાલુ નાણાંકીય વર્ષના જુનના પુરા થયેલા ક્વાટરમાં દેશના જીડીપીમાં ઘટાડો નોધાયો છે. નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ના ચોથા ક્વાટરમાં જીડીપી ૬.૧ હતો જે આ વર્ષે ઘટીને ૫.૭ થઇ ગયો છે.ગત વર્ષે જ આ જ ત્રિમાસિક ગાળામાં જીડીપીનો દર ૭.૯ ટકા હતો. ઉલ્લેખનીય છે કે પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે નોટબંધી બાદ સંસદમાં જ જણાવ્યુ હતું કે આ એક એતિહાસિક આપત્તિ છે અને કાનુની લુંટ છે.

નોટબંધીના ૧૦ મહિના બાદ ફરી એક વખત મનમોહનસિહે જીએસટીના ભવિષ્ય અંગે જણાવ્યુ હતું કે જીએસટીનો અવિચારી અમલ અનોપચારિક ઉદ્યોગો અને લઘુ



ઉદ્યોગોની કમર તોડી નાંખશે.આ ક્ષેત્રમાં દર વર્ષે ૯૦ ટકા રોજગારીનું સર્જન થયું હોય છે. નોટબંધી અને જીએસટીની અસર લઘુ ઉદ્યોગો ઉપર હતી. હવે તેમાં વધારો થશે. આ બંનેના કારણે જીડીપીને વધારે અસર થશે.

# મહારાષ્ટ્રમાં ભાજપા-શિવસેના યુતિ ભંગાણને માર્ગે !: ગઠબંધન તોડવા શિવસેનાની બેઠક મળી

મહારાષ્ટ્રમાં ભારતીય જનતા પાર્ટી અને શિવસેનાના ગઠબંધનથી સરકાર ચાલી રહી છે.જો છેલ્લા કેટલાક સમયથી શિવસેના તરફથી ભાજપાની આકરી ટીકાઓ કરવામાં આવી રહી છે.તેથી હવે ભાજપ અને શિવસેનાનું ગઠબંધન તુટે તેવી શકયતાઓનું નિર્માણ થયું છે.તાજેતરમાં શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરે પક્ષના ધારાસભ્યો અને સાંસદોની બેઠક બોલાવી હતી.શિવસેનાના નેતા સંજય રાઉતે જણાવ્યુ હતું કે ભાજપ સાથે ગઠબંધન તોડવા અંગે બેઠક મળી હતી.અને તમામ નેતાઓ અને કાર્યકર્તાઓએ આ નિર્ણય ઉદ્વ ઠાકરે પર છોડ્યો હતો.તેઓ જે નિર્ણય કરશે તેને બધા સમર્થન આપશે.

રાઉતે વધુમાં જણાવ્યુ હતું કે ભાજપ સાથેના ગઠબંધન મુદ્દે હવે શિવસેના નિર્ણય લેવાના આરે આવી ગઇ છે.વધતી જતી મોંઘવારી અને સળગતા પ્રશ્નોના મુદ્દે શિવસેના હવે જનતાની વહારે છે. લોકો ત્રાહીમામ પોકારી રહ્યા છે.અને સરકાર ટસની મસ થતી નથી.આ સંજોગોમાં શિવસેના આકરા નિર્ણય લેવા વિચારી રહી છે.

પેટ્રોલ અને ડીઝલ અંગે કેન્દ્રીય મંત્રી આલ્ફોન્સ દ્વારા જે નિવેદન આપવામાં આવ્યું હતું તેને પણ શિવસેનાએ વખોડ્યું હતું.શિવસેનાએ જણાવ્યુ કે મોદીના નવરત્નોમાં સ્થાન પામનારા આ મંત્રીએ સામાન્ય લોકોનું અપમાન કર્યુ છે.પેટ્રોલ-ડીઝલ પુરાવનારા ગરીબ નથી તેવુ કહેનારા આ નમુનાને પોતાના ખિસ્સામાંથી પેટ્રોલ- ડીઝલ ભરાવવા પડતા નથી.તેથી આવી વાતો કરે છે.સામાન્ય માણસને પડતા ઉપર પાટુ મારવા જેવી વાતો કરાઇ રહી



છે.ભાજપ રાજમાં દરરોજ અચ્છે દિનની હત્યા કરવામાં આવી રહી છે તેવું દેખાઇ રહ્યું છે.

# સમય સમય બલવાન, કાબે અર્જુન લુટીઓ વોહી ધનુષ વોહી બાણ

પોતાના અનુયાયીઓને રુ.૫૦૦૦માં એક રીંગણ વેચનારા બાબા રામ રહીમ આજકાલ જેલમાં બિનકુશળ કામદાર તરીકે કામ કરી રહ્યા છે.અને જેલમાં શાકભાજી ઉગાડવાનું કામ કરી રહ્યા છે.જેલમાં તેમને રોજના રુ.૨૦ મજદુરી પેટે મળશે.તે જેલમાં જે રીંગણ ઉત્પાદન કરશે તે જેલમાં કેદીઓના ભોજનમાં વપરાશે.જો કે તેમની હનીપ્રિતની શોધખોળ પોલીસ કરી રહી છે. નેપાળના તેમના છુપાવાના ઠેકાણા પર પોલીસ ઘુમી રહી છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૯૯
૯૮૨૪૩૬૨૪૬૨

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

## બુલેટ ટ્રેનની લોનનું વ્યાજ ચુકવવા પેટ્રોલની કિંમતો વધારી ? શિવસેના

પેટ્રોલ-ડિઝલના ભાવોમાં સતત વધારો થવા અંગે શિવસેનાએ ફરી એક વાર કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યો હતા.શિવસેનાએ કહ્યુ હતું કે કોંગ્રેસના શાસનમાં ક્રુડ ઓઇલની કિંમત ૧૩૦ ડોલર પ્રતિ બેરલ હતી પરંતુ તેમ છતાં પેટ્રોલ અને ડીઝલની કિમત ક્યારેય ક્રમશ ૭૦ અને ૫૩ રુપીયા પ્રતિ લિટરથી વધુ રહી નહોતી.આમ છતાં વિપક્ષ રસ્તાઓ પર ઇંધણના ભાવવધારાના મુદ્દે દેખાવો કરતો હતો.પરંતુ આજે ક્રુડ ઓઇલની કિમત ૪૯.૮૯ ડોલર પ્રતિ બેરલ છે પણ આમ છતાં લોકોને ઓછી કિમતનો ફાયદો મળતો નથી.આ ઉપરાંત પેટ્રોલ ૮૦ રુપીયા અને ડીઝલ ૬૩ રુપીયા પ્રતિ લિટરના ભાવે વેચાય છે.આ લોકોને લુંટવા જેવી વાત છે. શિવસેનાએ સવાલ કર્યો હતો કે દુનિયાભરમાં ક્રુડ ઓઇલના ભાવમાં ઘટાડો હોવા છતાં દેશમાં ઇંધણના ભાવ શું બુલેટ ટ્રેન પરિયોજના માટે જાપાન પાસેથી લેવાયેલી લોનના વ્યાજને ચુકવવા માટે વધુ રખાયા છે.

કેન્દ્ર અને મહારાષ્ટ્ર સત્તારુઢ એનડીએના ઘટક શિવસેનાએ બે દિવસ અગાઉ કહ્યુ હતું કે ઇંધણના વધુ ભાવ દેશમાં ખેડુતોની આત્મ હત્યાનું મુખ્ય કારણ છે.શિવસેનાના મુખપત્ર સામનામા છપાયેલા સંપાદકીયમાં કહેવામાં આવ્યું છે જે લોકો સરકારમાં છે તેઓ મોંઘવારી અંગે વાત કરતા નથી અને ન તો અન્યોને વાત કરવા દે છે.ઇંધણના ભાવ આસમાને પહોંચ્યાની પીડા સામાન્ય લોકો ભોગવી રહ્યા છે.

સરકારમાં બેઠેલા લોકો જો છેલ્લા ચાર મહિના દરમિયાન તેના ભાવમાં ૨૦ વખત વધારો કરવાને સમર્થન આપે છે તો તે યોગ્ય નથી.શિવસેનાએ કહ્યુ હતું કે આવી જ સ્થિતિ રહેશે તો અમીરો બુલેટ ટ્રેનમાં ફરતા થઇ જશે પણ ગરીબોને આખરે બળદ ગાડામાં ફરવાનો વારો આવશે.

## મસ્જીદોના અવાજનું સ્તર ચેક કરવા દિલ્હી સરકારને એનજીટીનો આદેશ

નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે દિલ્હી સરકારને આદેશ કર્યો છે કે પુર્વ દિલ્હીમાં આવેલી મસ્જીદોમાંથી થતા અવાજનું સ્તર ચેક કરે.આ મસ્જીદોમાં અઝાન દરમિયાન લાઉડસ્પીકરમાંથી અવાજનું સ્તર માન્ય મર્યાદાથી વધે છે કે નહીં તે જોવા ટ્રિબ્યુનલે સરકારને કહ્યું છે.એનજીટીના ચેરપર્સન જસ્ટીસ સ્વતંત્રકુમારના વડપણ હેઠળની બેન્ચે અરવિંદ કેજરીવાલ સરકાર અને દિલ્હી પ્રદુષણ નિયંત્રણ સમિતિને આદેશ આપ્યો છે કે જો મસ્જીદો દ્વારા નિયમનો ભંગ થતો હોય તો યોગ્ય પગલાં લો.વિવિધ મસ્જીદો વતી હાજર રહેલા વકીલે કહ્યુ હતું કે માન્ય અવાજા ધારાધોરણોની મર્યાદામાં જ તેઓ લાઉડસ્પીકરનો ઉપયોગ કરે છે.

## ભાજપ સરકારને પૈસાની ખુબજ જરુર છે તેથી પેટ્રોલ-ડિઝલ પરના ટેક્સ ઘટાડી શકાશે નહીં : નાણાં મંત્રી અરુણ જેટલી

નાણાંમંત્રી અરુણ જેટલીએ પેટ્રોલ અને ડિઝલ પર એક્સાઇઝ ડ્યુટી ઘટાડવાનો ઇન્કાર કરી દીધો છે. તેમના આ ઇન્કારથી પેટ્રોલ ડીઝલના ભા વધારામાં હાલમાં કોઇ ઘટાડો શક્ય નહીં બને.ઉલટાનું જેટલીએ કહ્યુ હતું કે જાહેર ખર્ચ માટે સરકારને પૈસાની જરુર છે.અને જો આ ખર્ચ નહી કરીએ તો આર્થિક વૃધ્ધિ દર પર અસર થશે.આમ. જેટલીએ પેટ્રોલ ડિઝલના ભાવ વધે તો પણ સરકાર ટેક્સ નહીં ઘટાડે તેવું સ્પષ્ટ કરી દીધું છે.તેમણે માત્ર કહેવા પુરતું જ આશ્વાસન આપ્યું હતું કે પેટ્રોલ ડિઝલના ભાવ ટુંક સમયમાં ઘટશે.

સરકારે નવેમ્બર-૨૦૧૪થી જાન્યુઆરી ૨૦૧૬ વચ્ચેના ગાળામાં પેટ્રોલપર લીટર દીઠ ૧૧.૧૭ રુપીયા અને ડીઝલ પર રુ.૧૩.૪૭ રુપીયાની એકસાઇઝ ડ્યુટી વધારી દીધી હતી તેનો ઉલ્લેખ કર્યા વગર જેટલીએ માત્ર રાજ્યો દ્વારા ઇંધણ પર વધુ સેલ્સ ટેક્સ અને વેટ લાગુ કરાય છે તેની જ વાત કરી હતી.ભાજપ શાસિત મહારાષ્ટ્રમાં પેટ્રોલ પર ૪૬.૫૨ ટકા વેટ લેવાય છે.જે દેશભરમાં સૌથી વધારે છે. મુંબઇમાં તો આ ટેક્સ ૪૭.૬૪ ટકા છે આંધ્ર પ્રદેશમાં પેટ્રોલ પર ૩૮.૮૨ ટકા વેટ છે.જ્યારે ભાજપ શાસિત મધ્યપ્રદેશમાં ૩૮.૭૯ ટકા વેટ લાગુ છે. ભાજપની આગેવાનીમાં ૧૮ રાજ્યોમાં એનડીએનું શાસન છે.તેમણે ઉમેર્યુ કે બે વર્ષ પહેલા દર ૧૫ દિવસે પેટ્રોલ ડીઝલના ભાવની સમીક્ષા કરવામા આવતી હતી. અને ભાવ ઘટતા વધતા હતા.હવે સરકાર કહે છે કે સરકાર ચલાવવા પૈસાની જરુર પડે છે.

## નોટબંધીની નિષ્ફળતા ઢાંકવા સરકાર કેટલા સ્ટંટ કરશે : શિવસેના

શિવસેનાના પ્રમુખ ઉદ્વ ઠાકરેએ ફરી એકવાર નોટબંધીના નિર્ણયને લઇને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપ સરકાર પર નિશાન તાક્યું હતું. નોટબંધીની નિષ્ફળતા છુપાવવા સરકાર હજુ કેટલાં ગતકડાં કરશે ? સરકારી મંડળી નોટબંધી કેટલી સફળ થઇ એ ઠસાવવા પ્રયાસ કાયમ કરતી રહે છે. જ્યારે કે ખુદ રિઝર્વ બેન્કના રિપોર્ટમાં એવો ખુલાસો કર્યો છે કે નોટબંધી સફળ થઇ નથી.નોટબંધીને લીધે કાળા નાંણા અને નકલી નોટોનું રેકેટ ડામી શકાશે ને આતંકવાદ અને નકસલવાદની કમર ભાંગી જશે એવા બણગાં ફુકાયા હતા. જ્યારે હકીકતમાં સામાન્ય માનવીની હાડમારી થવા સિવાય કોઇ ઉપલબ્ધિ થઇ નથી. રદ થયેલી ૫૦૦ અને રુ.૧૦૦૦ની નોટમાંથી ૯૯ ટકા ચલણ રિઝર્વ બેન્કમાં જમા થઇ ગયું છે.અને હજુ સુધી સરકારે કેટલી નોટો પરત ફરી તે જાહેર જનતાને જણાવ્યુ નથી.કે કુલ કેટલી રકમ જમાં થઇ તેનો હિસાબ દેખાડ્યો નથી.

સુર્યમાળાનો સૌથી વિશાળ જ્વાળામુખી ઓલિમ્પસ મોન્સ મંગળ ગ્રહ પરઆવેલો છે.

## યુનોની મહાસભાને પ્રથમવાર સંબોધન કરતાં અમેરિકી પ્રમુખ ટ્રમ્પે ઉ.કોરિયાનો સર્વનાશ કરવાની ધમકી આપી



અમેરિકાના પ્રમુખ તરીકે ચુંટાયા બાદ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને સૌ પ્રથમવાર સંબોધન કરતાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યુ હતું કે વિશ્વ નિષ્ફળ ગયેલાં દેશો, આતંકવાદીઓ અને કટ્ટરવાદીઓ તરફથી મળતી વિનાશકારી ધમકીઓનો સામનો કરી રહ્યું છે.આતંકવાદીઓ શક્તિશાળી બનીને પૃથ્વીના દરેક ખુણામાં ફેલાઇ ગયાં છે.નિષ્ફળ દેશો ન કેવળ આતંકવાદીઓને સમર્થન આપી રહ્યા છે. પરંતુ માનવતાવાદીઓને સમર્થન આપી રહ્યા છે.પરંતુ માનવતાનો સંપુર્ણ વિનાશ કરે તેવા સૌથી વિનાશકારી શસ્ત્રો સાથે અન્ય દેશો માટે ધમકીરુપ બની ગયાં છે.અમે કટ્ટર ઇસ્લામીક આંતકવાદને અટકાવીશું કારણ કે અમે તેને અમેરિકા અથવા વિશ્વને નુકશાન કરાની કરવાની પરવાનગી આપી શકતાં નથી.અલકાયદા અને હિઝબુલ્લા જેવા આતંકી સંગઠનોને સમર્થન આપતાં દેશોને ઉઘાડા પાડવાનો સમય આવી ગયો છે.અમેરિકા તથા સાથી દેશો માટે ધમકીરુપ બની રહેલાં ઉત્તર કોરિયાને પરમાણું કાર્યક્રમ બંધ કરાવવા માટે દબાણ કરવા સભ્ય દેશોને અમેરિકી પ્રમુખે અપીલ કરી હતી. ઉત્તર કોરિયાના શાશક કિમ જોગ ઊનની રોકેટ મેન તરીકે મજાક કરતાં ચેતવણી આપી હતી કે પ્યોગયાંગ પરમાણું ધમકીઓ ઉચ્ચારવાનું બંધ નહીં કરે તો અમેરિકાને ઉત્તર કોરીયાનો સંપુર્ણ વિનાશ કરવાની ફરજ પડશે.જો ઉત્તર કોરીયા તેના પરમાણુ કાર્યક્રમ બંધ નહીં કરે તો તેના સંપુર્ણ વિનાશ સિવાય અમારી પાસે બીજો કોઇ વિકલ્પ બાકી નહીં રહે.રોકેટ મેન તેમના પોતાના અને પોતાના દેશના સુસાઇડ મિશન પર નિકળ્યા છે.યુનોના સભ્ય દેશોએ કિમ જોગ ઉન સરકારને એકલી પાડી દેવી જોઇએ.

ઇરાન પર આકરા પ્રહારો કરતાં ટ્રમ્પે જણાવ્યુ હતું કે ઇરાન આર્થિક રીતે નિષ્ફળ ગયેલો હિંસાની નિકાસ કરતો દેશ છે.બરાક ઓબામા દ્વારા ૨૦૧૫માં ઇરાન સાથે કરાયેલી પરમાણું સંધિ શરમજનક હતી હું આ સંધિને પરવાનગી આપતો નથી.

## બીએચયુમાં લાઠીચાર્જ સ્ત્રીઓનું સૌભાગ્ય છે? શિવસેના

ભાજપના સાથી પક્ષ શિવસેનાએ વડાપ્રધાન મોદી સામે તેમની ખરાબ કામગીરી બદલ આકરા પ્રહારો કર્યા હતા.તેણે સવાલ કર્યો છે કે શું બનારસ હિન્દુ યુની.(બીએચયુ)ના વિદ્યાર્થીઓ પર પોલીસ લાઠીચાર્જ તેમને (મોદી) અનેક આશાઓ સાથે ચુંટનાર મહિલાઓનું સૌભાગ્ય છે ?

સત્તારુઢ એનડીએના ઘટક પક્ષ હોવા છતાં અનેકવાર મહારાષ્ટ્ર સરકાર અને કેન્દ્રની અવારનવાર ટીકા કરનાર શિવસેનાએ દરેક ઘરમાં વીજળી લાવવા માટે રુ.૧૬૦૦૦કરોડની સૌભાગ્ય યોજના જાહેર કરનાર પીએમને અનેક કટાક્ષ કર્યા હતા.પોતાના મુખપત્ર સામનામાં સેનાએ આક્ષેપ કર્યો હતો કે ફુગાવો કાબુ બહાર જઇ રહ્યો છે. પેટ્રોલ-ડીઝલના ભાવ ભડકે બળી રહ્યા છે અને તમે ચુપ છો. સિસ્ટમ સુધરી રહી છે તે નામે લોકો નિસહાય છે અને તેમે ચુપ છો.નરેન્દ્ર મોદીને નિશાન બનાવતાં શિવસેનાએ લખ્યું હતું કે દેશની દીકરીઓ પર લાઠીચાર્જ થઇ રહ્યો છે.તમારી પાર્ટીના કાર્યકરો અરાજકતા ઉભી કરી રહ્યા છે.તેમ ક્યાં સુધી ચુપ રહેશો.શું આ તમને ઘણી આશાઓ સાથે ચુંટી લાવનાર દીકરીઓનું સૌભાગ્ય છે ?

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

ડૉ.હેમેન્દ્ર જી. પરીખ
પી.જી.યોગા,ડીએચએમએસ
યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

# સુપ્રીમ કોર્ટે અરજકર્તાને કહ્યું કે જે ભગવાન કરી શકે તે અમને કરવાનું ન કહો !



દેશના દરેક નાગરિકને એવો વિશ્વાસ છે કે ગમે તેવી સમસ્યામાં દેશની સુપ્રીમ કોર્ટ તેની વધારે આવશે.પરંતુ કેટલીક બાબતોમાં સુપ્રીમ કોર્ટ પણ લાચાર બની જાય છે.આવો જ એક કિસ્સો સુપ્રીમ સમક્ષ આવ્યો અને સુપ્રીમે લાચારી દર્શાવી હાથ ઉંચા કરી દેવા પડ્યા.સુપ્રીમે સ્વીકાર્યું હતું કે તે અરજકર્તાની આ સમસ્યામાં કોઈ મદદ કરી શકે તેમ નથી. અરજકર્તાએ તેની અરજીમાં અદાલત સમક્ષ માંગણી કરી હતી કે અદાલત સરકારને ભારતમાંથી મચ્છરો નાબુદ કરવાનો આદેશ આપે.

મચ્છરોના ત્રાસથી ત્રાહિમામ પોકારી ગયેલા ધનેશ લેશધને સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા અને માંગ કરી હતી કે સરકારે મચ્છરોને નાબુદ કરવા જોઈએ. અરજકર્તાએ માંગ કરી હતી કે જો મચ્છર કરડવાથી કોઈનું મોત થાય તો સરકારને જવાબદાર ઠેરવવી જોઈએ. પરંતુ સુપ્રીમે અરજકર્તાને કહેવું પડ્યું કે અમે ભગવાન નથી. જે કામ ફક્ત ભગવાન જ કરી શકે તે અમને કરવાનું ન કહો. ધનેસ લેશધનને એમ હતું કે અદાલત આ મામલામાં હસ્તક્ષેપ કરી મદદ કરશે. ધનેશ ઇચ્છતા હતા કે અદાલત સરકારને આદેશ આપે કે મચ્છરજન્ય રોગોના અટકાવ માટે મચ્છરની નાબુદી માટે સરકાર માર્ગદર્શિકા તૈયાર કરે. સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે દેશમાંથી મચ્છર નાબુદ કરવા માટે સત્તાવાળાઓને કોઈ અદાલત આદેશ આપી શકે નહીં. જસ્ટીશ મદન બી લોકુર અને જસ્ટીસ દીપક ગુપ્તાની બેન્ચે જણાવ્યુ હતું કે અમે દરેકના ઘેર જઈ એમ કહી શકતા નથી કે તમારા ઘરમાં મચ્છર અને માખી છે તેને દુર કરો.અરજકર્તા અમને શા માટે એ કામ કરવાનું કહે છે જે ફક્ત ભગવાન જ કરી શકે.

# બોગસ પાનકાર્ડથી થતા દસ્તાવેજો ની નોધણી રોકવા રજીસ્ટારે આઈટી વેબ પર ખરાઇ કરવી પડશે

રાજ્ય સરકારના નોધણી સર નિરિક્ષકે બોગસ પાનકાર્ડના આધારે જમીનો અને મિલકતોના વેચાણ દસ્તાવેજની નોધણી અટકાવવા માટે મહત્વનો પરિપત્ર કર્યો છે. હવે સબ રજીસ્ટારની કચેરીમો રૂ.૧૦ લાખથી વધુની રકમના દસ્તાવેજની નોધણી વખતે પાનકાર્ડ રજુ કરવામાં આવશે તો સબ રજીસ્ટારે ખુદ આઈટીની સત્તાવાર વેબસાઈટ ઉપર પાનકાર્ડની ખરાઇ કર્યા બાદ જ દસ્તાવેજની નોધણી કરવાની રહેશે.જો પાનકાર્ડ બોગસ હોવાની શંકા લાગે તો તેવા સંજોગોમાં દસ્તાવેજની નોધણી સબ રજીસ્ટાર અટકાવી પણ શકશે.રાજ્ય સરકારના નોધણી સર નિરીક્ષકે તા.૨૬ સપ્ટે.ના રોજ દસ્તાવેજની નોધણી પહેલા પાનકાર્ડના વેરિફિકેશન અંગે પરિપત્ર કર્યો છે જેમાં સબ રજીસ્ટારોએ પાનકાર્ડના વેરીફિકેશન અંગેની સુચના આપવામાં આવી છે.જેમાં સબ રજીસ્ટાર દસ્તાવેજની નોધણી પહેલા ઓનલાઇન પાનકાર્ડની ખરાઇ કરશે.ઓનલાઇન સર્ચ વખતે ટેકનિકલ ફોલ્ટ સર્જાશે તો લોકોના દસ્તાવેજો અટકી પડશે.પરંતુ પ્રક્રિયા સરળ થાય તેવા પ્રયત્ન કરવા પડશે.

# પેટ્રોલ-ડીઝલને જીએસટીમાં સમાવવા માટે કેન્દ્રીય પેટ્રોલીયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની માંગ

અત્યાર સુધી પેટ્રોલ- ડીઝલ અને અન્ય પેટ્રોલીયમ ઉત્પાદનોને જીએસટીના દાયરામાં લાવવાનો વિરોધ કરતાં કેન્દ્રીય પેટ્રોલીયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને અચાનક ગુલાંટ મારીને જણાવ્યુ હતું કે પેટ્રોલીયમ ઉત્પાદનોને પણ જીએસટીના દાયરામાં લાવવી જોઈએ.પેટ્રોલ-ડિઝલની કિંમત ત્રણ વર્ષની ઊંચી સપાટી પર પહોચ્યા બાદ દેશમાં જન્મેલા રોષને પગલે હવે પ્રધાન ગ્રાહકોના હિતની ચિંતા કરવા લાગ્યા છે.તેમણે પેટ્રોલ અને ડીઝલને જીએસટીના દાયરામાં લાવવાની નાણાંમંત્રાલયને અપીલ કરતાં જણાવ્યું હતું કે દેશમાં પેટ્રોલીયમ ઉત્પાદનો પર એકસમાન કરવ્યવસ્થા હોવી જોઈએ. પેટ્રોલીયમ ઉત્પાદનોને જીએસટીના દાયરામાં લાવવાનો પેટ્રોલીયમ મંત્રાલયનો પ્રસ્તાવ છે.ગ્રાહકોના હિતોને ધ્યાનમાં રાખીક કરને તર્ક સંગત બનાવવાની જરુર છે.પ્રધાને જણાવ્યુ હતું કે પેટ્રોલીયમ ઉત્પાદનો પર એકસાઇઝ અને વેટ એમ બે પ્રકારના કર લાગે છે. તેથી ઉદ્યોગના દષ્ટિકોણથી સમાન કર વ્યવસ્થા હોવી જોઈએ.

પેટ્રોલ અને ડિઝલની વધતી કિંમતોને પગલે સરકાર એલર્ટ બની છે.પ્રધાને તાજેતરમાં અધિકારીઓની એક ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી હતી. બેઠક બાદ પ્રધાને જણાવ્યુ હતું કે સરકાર પેટ્રોલ અને ડીઝલને જીએસટીમાં સમાવવા પર વિચારણા કરશે.

ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યુ હતું કે કેન્દ્રીય કરનો ૪૨ ટકા હિસ્સો રાજ્યમાંથી આવે છે.રાજ્યોની પોતાની કર વ્યવસ્થા છે.રાજ્યોમાંથી મળતા ટેકસના મોટા હિસ્સાનો ઉપયોગ સરકાર દ્વારા ચલાવાતી કલ્યાણકારી યોજનામાં કરાય છે.દેશોમાં સારી સડકોના નિર્માણ,પીવાના સ્વચ્છ પાણી,માળખાકીય વિકાસ માટે નાણાંની જરુર હોય છે.પરંતુ આ મંત્રીશ્રી એ ભુલી જાય છે કે આઝાદી બાદના સમયમાં પણ રોડ રસ્તાઓ અને કલ્યાણકારી યોજનાઓમાં સરકારે નાણાં આપ્યા છે અને કામો થયા છે પરંતુ આ રીતે ખોટા ટેક્સ વસુલ કરીને નહીં તેની નોધ લેવી જોઈએ.


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૯- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬


# અસહિષ્ણુતા અને બેકારી ભારતની સમસ્યાઓ : રાહુલ ગાંધી



તાજેતરમાં અમેરિકાના પ્રવાસે ગયેલાં કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ ત્યાંના ભાષણોમાં કહ્યુ હતું કે ભારતમાં અસહિષ્ણુતા અને બેકારી બે મુખ્ય સમસ્યાઓ છે. આવા જટિલ પ્રશ્નોને કારણે દેશની રાષ્ટ્રીય સુરક્ષા અને વિકાસ સામે ગંભીર પ્રશ્નો સર્જાયા છે.

રાહુલ ગાંધીએ તેમના યુએસ પ્રવાસમાં ડેમોક્રેટીક પાર્ટી તરફ ઝોક રાખનારા થિંક ટેન્ક સેન્ટર ફોર અમેરિકન પ્રોગ્રેસ દ્વારા આયોજિત ભારતીય અને દક્ષિણ એશિયાઇ નિષ્ણાંતોની બેઠકમાં ભાગ લીધો હતો.જેમાં થિન્ક ટેન્ક સેન્ટરના પ્રમુખ નીરા ટંડન, ભારતમાં અમેરિકાના પુર્વ રાજદુત રિચર્ડ વર્મા,હિલેરી ક્લિન્ટનના મુખ્ય પ્રચાર સલાહકાર જોન પોડેસ્ટા જેવા મહાનુભાવો હાજર રહ્યા હતા.બેઠકમાં ટ્રમ્પે તાજેતરમાં જાહેર કરેલી અફઘાન નીતિ અંગે રાહુલે તેમના અભિપ્રાય દર્શાવ્યા હતા.

અમેરિકન-ભારત વેપાર પરિષદ દ્વારા આયોજિત કાર્યક્રમમાં રાહુલે યુએસ ચેમ્બર્સ ઓફ કોમર્સના અધ્યક્ષ અને સીઈઓ થોમસ ડોનલુ તેમજ અન્યો સાથે ચર્ચા કરી હતી. રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે ભારતમાં નવી રોજગારીના સર્જનમાં હાલની સરકાર નિષ્ફળ ગઈ છે.આ સ્થિતિ દેશને મોટા ખતરા તરફ લઈ જઈ રહી છે.રાહુલે વોશિંગ્ટન પોસ્ટની એડીટોરીયલ ટીમ સાથે ઓફ ધ રેકર્ડ વાત કરી જેમાં આખા વિશ્વમાં અને ખાસ કરીને ભારતમાં વધતી જતી અસહિષ્ણુતા સામે રાહુલે ચિંતા વ્યક્ત કરી હતી. જો આવી સ્થિતિ ચાલુ રહેશે તો દેશનો વિકાસ રુંધાશે.

જો કે રાહુલ ગાંધીના યુએસ પ્રવાસમાં યોજાયેલ મીટીંગોમાં તેમના જવાબોથી મહાનુભાવો ખુશી વ્યક્ત કરી હતી.તેમજ એક તેમની રાજકીય પીઢતા અનુભવી હતી.

અમેરિકાની પ્રિન્સટન યુની.ના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી મેમ્બર્સને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે નરેન્દ્ર મોદીનો ઉદય અને મિસ્ટર ટ્રમ્પ ચુંટાઈ આવ્યા તેનું મુખ્ય કારણ ભારત અને અમેરિકામાં નોકરી સાથે સંકળાયેલા સવાલો છે.કોંગ્રેસના ઉપાધ્યક્ષના કહેવા પ્રમાણે ભારતમાં એક મોટી બરોજગાર જનસંખ્યા । પીડા સમજી રહી છે.પમ એવાજ લોકોના સમુહોએ આ પ્રકારના નેતાઓને સમર્થન આપ્યું છે.રાહુલે કહ્યુ હતું કે પડકાર એ છે કે લોકતાંત્રિક માહોલમાં નોકરીના સંકટને કેવી રીતે દુર કરી શકાય. સ્પષ્ટ રીતે કહું તો કોંગ્રેસ એક કરવામાં નિષ્ફળ રહી છે.તેમણે સ્વીકાર્યું ગે યુપીએ સરકારે એક દિવસમાં ૩૦ હજાર નોકરીઓ આપવાનું જે વચન આપ્યું હતું તે પાળવામાં તે નિષ્ફળ રહી હતી.

હાલમાં ભાજપના નેતૃત્વમાં રહેલી એનડીએ સરકાર પણ વર્તમાન દરથી આ લક્ષ્ય સુધી પહોચવામાં નિષ્ફળ રહેશે.વિજયી હોવા છતાં ભાજપ એ સમજી શકી નથી ક નોકરીઓ પેદા કરવા સાથે સંકળાયેલા વચનો પુરા કરવા કેટલા જરુરી છે.મોદી મુદ્દાઓને અન્યત્ર ભટકાવી દેવામાં માહિર છે.


**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્વળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


તંત્રી: પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.